**૧૦/૦૨/૨૦૨૧**

પ્રતિ,

કમિશ્નરશ્રી,

સુરત મહાનગરપાલિકા,

મુગલસરાઇ,

સુરત

**વિષય : હાલમાં કોવિડ-૧૯ ની મહામારીની અસરને લીધે રીઅલ એસ્ટેટ માર્કેટ આર્થિક સંકડામણમાંથી પસાર થઇ રહેલ છે તે ધ્યાને લઇ પેઇડઅપ એફ.એસ.આઇ ની રકમમાં ચુકવવાના થતાં નાણાની સમયમર્યાદા વધારી આપવા બાબત...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આપશ્રી જાણો છો તે મુજબ કોવિડ-૧૯ ની ફોર્સ મેજર પરિસ્થિતિને લીધે રીઅલ એસ્ટેટ માર્કેટમાં સર્વાયવલના પ્રશ્નો ઉભા થયા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ બિઝનેસને પાટા પર લાવવાના આશયથી ક્રેડાઇ-સુરત દ્વારા નીચે મુજબની માંગણીઓ કરીએ છીએ તે ઉપર યોગ્ય કાર્યવાહી કરવા વિનંતિ છે.

૧. ૧.૮ એફ.એસ.આઇ. સુધીનું બાંધકામ કરવા માટેનો સમયગાળો એક બેઝમેન્ટ વાળા કિસ્સામાં એક વર્ષ જેટલો જાય છે તથા બે બેઝમેન્ટ વાળા કિસ્સામાં દોઢ વર્ષ જેટલો જાય છે. સદરહું સમયગાળાના એકસ્ટ્રા એફ.એસ.આઇ. નાં નાણાં તથા તેનું વ્યાજ લેવાથી તેનું ભારણ યુઝર્સ ઉપર જાય છે જે ઉચિત નથી. જે ધ્યાને લઇ...જે કિસ્સામાં નવેસરથી એફ.એસ.આઇ. ૪ સુધીના મંજુરી અર્થે પ્લાન રજુ થયેલ હોય અથવા તો રીવાઇઝ પ્લાનો રજુ થયેલ હોય તેવા કિસ્સામાં મળવાપાત્ર વધારાની એફ.એસ.આઇ. નાં નાણાં તથા તેનો સમયગાળો નીચે મુજબ રાખવા વિનંતિ છે.

સિંગલ બેઝમેન્ટ વાળા કિસ્સામાં ભરવાપાત્ર કુલ રકમનાં ૧૦ % રકમ વસુલ લઇ બાકીની ૯૦ % રકમ એક વર્ષ પુર્ણ થયાં બાદ (એક વર્ષનું વ્યાજ તથા હપ્તા ગણ્યા વગર તે સમયગાળા સિવાય) ૫ કરોડ સુધીની રકમમાં ૨ વર્ષનાં છ માસિક હપ્તા તથા ૫ કરોડથી વધુની રકમમાં ૩ વર્ષનાં છ માસિક હપ્તામાં નાણાં વસુલ લેવા વિનંતિ છે.

જે કિસ્સામાં ડબલ બેઝમેન્ટ હોય તે કિસ્સામાં કુલ રકમનાં ૧૦ % રકમ વસુલ લઇ બાકીની ૯૦ % રકમ દોઢ વર્ષ પુર્ણ થયાં બાદ (દોઢ વર્ષનું વ્યાજ તથા હપ્તા ગણ્યા વગર તે સમયગાળા સિવાય) ૫ કરોડ સુધીની રકમમાં ૨ વર્ષનાં છ માસિક હપ્તા તથા ૫ કરોડથી વધુની રકમમાં ૩ વર્ષનાં છ માસિક હપ્તામાં નાણાં વસુલ લેવા વિનંતિ છે.

૨. કોવિડ-૧૯ ની ફોર્સ મેજર પરિસ્થિતિને ધ્યાને લઇ અગાઉથી આપેલા એડવાન્સ ચેકો માંથી તા.૦૧-૦૩-૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ નાં સમયગાળા સુધીનું તમામ કિસ્સામાં વ્યાજ માફ કરવાં વિનંતિ છે.

૩. એડવાન્સ આપેલા ચેકો જે કિસ્સામાં રીટર્ન થયેલ છે તે કિસ્સામાં વ્યાજ અને પેનલ્ટી માફ કરી તા.૦૧-૦૩-૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ નાં સમયગાળા સુધીનું તમામ કિસ્સામાં વ્યાજ અને પેનલ્ટી માફ કરવા વિનંતિ છે.

૪. પેઇડ એફ.એસ.આઇ ના હપ્તાની મુદત તા.૩૧-૦૩-૨૦૨૧ સુધીની છે જેની મુદત કાયમી ધોરણે ચાલુ રહે તે મુજબ નો પરિપત્ર જાહેર કરવા વિનંતિ છે. જેથી વારંવાર પરિપત્રમાં સમયગાળાનો સુધારો કરવાની જરૂરિયાત ઉપસ્થિત ન થાય.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્‌મંત્રી** |
| **ક્રેડાઇ સુરત** | **ક્રેડાઇ સુરત** | **ક્રેડાઇ સુરત** |

સાદર રવાના :

**પ્રતિ,**
**શહેર વિકાસ અધિકારીશ્રી**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત**